
# મોડાસામાં તસ્કરોએ પોલીસ તંત્રનું નાક વાઢ્યું

## હજીરા વિસ્તારમાં ટ્રક સાથે દુકાનમાં ત્રાટકેલા તસ્કરોએ ૨ લાખની બેટરીની લૂંટ : ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં તસ્કરરાજ ફરીથી સ્થાપિત થયું હોય તેવું લાગી રહ્યું છે, મોડાસાના



હજીરા વિસ્તારમાં તસ્કરો ટ્રક લઈને ચોરી કરવા આવે છે ત્યાં સુધી પોલિસને ગંધ પણ નથી આવતી અને લપડાક મારીને ચોરીની ઘટનાને આસાનીથી અંજામ આપી રહી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા શહેરમાં ઘરફોડ ચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા નગરજનો અને દુકાનદારોમાં ભારે ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે બીજીબાજુ પોલીસતંત્ર ફરિયાદ નોંધી તપાસ ચાલુ હોવાનું રટણ કરી રહી છે.

મોડાસા શહેર જાણે તસ્કરોના હવાલે કરી દેવાયું હોય તેવું જોવા મળી રહ્યું છે, કારણ કે છાશવારે બનતી ચોરીની ઘટનાઓથી હવે વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મોડાસાના હજીરા વિસ્તારમાં તસ્કરોએ અજય સેલ્સ અને એપીએસ સેલ્સ એન્ડ સર્વિસ નામની બે દુકાનોને નિશાન બનાવીને બે લાખ જેટલો મુદ્દામાલ ઉઠાવીને લઈ ગયા હતા એટલું જ નહી તસ્કરો જાણે બેફામ રીતે ચોરી કરવાનો પરવાનો મળ્યો હોય તેમ ટ્રક લઈને આવે છે, પણ પેટ્રોલિંગ કરતી પોલિસ પણ મુકદર્શક બનતી હોય તેવું લાગ્યું. સતત બની રહેલી ચોરી-લૂંટની ઘટનાના પગલે લાગી રહ્યું છે. હજીરામાં આવેલી ઓટો ઈલેક્ટ્રિકની દુકાનમાંથી તસ્કરોએ પચ્ચીસ બેટરી સહિત ગાડીના સેલ, ડાયનામાં સહિતનો મુદ્દામાલ ચોરી કરીને આસાનીથી લઈ ગયા હતા.

હજીરા વિસ્તારમાં ત્રણ જેટલા તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. ત્રણેય તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા



હતા. તસ્કરો પણ હવે ડિજિટલ બની ગયા હોય તેમ સાધન-સામગ્રી સાથે સજ્જ થઈને આવે છે, એટલું જ નહીં દુકાનોની બહાર લાગેલા સીસીટીવી કેમેરાને પણ તસ્કરો ફેરવી દીધા હતા, ત્યારબાદ દુકાનમાં પ્રવેશ્યા હતા. હવે સવાલ એ થાય છે કે રાત્રીના સમયે તસ્કરો ટ્રક લઈને આવે છે અને પેટ્રોલિંગ કરતી પોલિસની નજર કેમ નથી પડતી, જો પોલિસ પેટ્રોલિંગ કરતી હોય તો તસ્કરો ટ્રક લઈને ચોરી કરવા કેવી રીતે આવે તે પણ સવાલ છે. હાલ તો આરામ કરતી પોલિસ રાજમાં તસ્કરોને મોજ પડી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

# ખેડૂતોને ઘર આંગણે પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડમાં જીરાની હરાજીનો શુભારંભ

## ડીસામાં પ્રતિ મણ જીરાનો ભાવ ૨૩૩૭ મળતાં ખેડૂતોમાં ખુશી

ડીસા, તા. ૨

ખેડૂતોને ઘર આંગણે સાચો તોલ અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડ ખાતે સોમવારથી જીરાની જાહેર હરાજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિને પ્રતિ મણ (૨૦ કિલો) જીરાનો ભાવ ૨૩૩૭ નોંધાયો હતો.



ડીસા સહિત બનાસકાંઠા અને રાજસ્થાનમાં જીરાનું મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. શિયાળુ સિઝનમાં અનુકુળ વાતાવરણના કારણે જીરાનો પાક સારો થતાં ઉત્પાદન પણ સારૂ મળી રહ્યું છે. બનાસકાંઠા સહિત રાજસ્થાનના ખેડૂતો જીરાના વેચાણ માટે ઉંઝા સુધી લાબા થાય છે. જેથી ખેડૂતોને સમયની સાથે સાથે ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ વધુ ભોગવવો પડે છે. ડીસા સહિત બનાસકાંઠા અને રાજસ્થાનના ખેડૂતોને ઘર આંગણે સાચો તોલ અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના માર્ગદર્શન મુજબ અને સેક્રેટરી એ.એન. જોષીની સીધી દેખરેખ હેઠળ સોમવારે જીરાની જાહેર હરાજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિને જ જીરાનો પ્રતિમણ રૂપિયા ૨૩૩૭ નો ભાવ મળતાં ખેડૂતો અને વેપારીઓમાં ખુશી વ્યાપી જવા પામી છે. આ અંગે સેક્રેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું કે બનાસકાંઠા અને રાજસ્થાનના જીરૂ પકવતા ખેડૂતોને વેચાણ માટે ઉંઝા ખાતે જવું પડતું હતું. જેથી ખેડૂતોને સમયની સાથે ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ ભોગવવો પડતો હતો. ડીસા ખાતે હરાજીનો શુભારંભ થતાં ખેડૂતોને સાચો તોલ અને પોષણક્ષમ ભાવ મળી રહેશે.

## ડીસા ગ્રીનસીટીના મકાનમાંથી ૪ લાખની ચોરી

ડીસા પાટણ હાઈવે ઉપર આવેલ ગ્રીન સીટી સોસાયટીમાં મકાન માલિક બહાર ગયા હોઈ અન્ય શકમંદોએ મકાનની ઘરવખરી અને દાગીના સહિત રૂ.૪,૪૦,૫૨૫ ની ચોરી કરવા બાબતે મકાન માલિકે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી.

ડીસાના ગ્રીન સીટીમાં પોતાનું મકાન ધરાવતા હંસાબેન રતિલાલ પંચાલ (ઉંમર ૫૯ વર્ષ ) તારીખ ૭/૬/૧૯ ના રોજ પોતાનું મકાન બંધ કરી મુંબઈ ગયેલા તે દરમિયાન તેમના મકાનમાં રાખેલ ઘરવખરી સામાન જેની કિંમત ૫૯,૦૦૦ અને સોનાના દાગીના જેની કિંમત ૩,૮૧, ૫૨૫ આમ કુલ મળી ૪,૪૦, ૫૨૫ ના મુદામાલની ચોરી શકમંદ ઈસમો કરી જવા બાબતે તેઓએ ડીસા દક્ષિણ પોલીસ મથકે વિઠ્ઠલભાઈ ગંગારામ પટેલ અને અન્ય ચાર પાંચ અજાણ્યા ઈસમો વિરુદ્ધ શંકાના આધારે ફરિયાદ નોંધાવી હતી જેથી દક્ષિણ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક જનરલ સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક જનરલ સભા પ્રાંતિજ શ્રી મહાકાલી માતાજી મંદિર ખાતે યોજાઈ હતી જેમાં તાલુકા નિવૃત કર્મચારી સોમવારના રોજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ શ્રી મહાકાલી માતાજી મંદિર ખાતે બનાસકાંઠા પૂર્વ શિક્ષણાઅધિકારી હર્ષદભાઈ એલ. રાવલના પ્રમુખપદે યોજાઈ હતી. જેમાં અતિથિવિશેષ ગુજરાત સ્ટેટ રાવલ,મધુભાઈ રાવલ, એમ.એ. ઉદણવાલા, કાન્તિભાઈ, રસિકભાઈ પટેલ સહિત આ જનરલ સભામાં નિવૃત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા, જયારે ઉપસ્થિત મહેમાનોનું ફુલહાર શાલ



મંડળના સભાસદ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ તાલુકા નિવૃત પ્રાથમિક શિક્ષણ સંઘ સંલગ્ન ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશન વડોદરા કર્મચારી મંડળની જનરલ સભા તા.૨-૩-૨૦૨૦ ને પેન્શનર્સ ફેડરેશન વડોદરાના કન્વીનર મણીભાઈ જી. સુથાર, પત્રકાર-લેખક પરાજીતભાઈ પટેલ, પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ ઈન્દ્રસિંહ બી. પરમાર, ઉપપ્રમુખ પોપટભાઈ કે. પટેલ, મંત્રી રમણભાઈ કે. વણકર, સહમંત્રી અરવિંદભાઈ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું તો વર્ષ દરમ્યાન મૃતક પામેલ સભાસદોને શ્રધ્ધાંજલી આપીને યાદ કરવામાં આવ્યાં હતાં અને ગત વર્ષના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું અને ૨૦૧૯-૨૦૨૦ના હિસાબો વંચાણે લઈને રજુ કરવામાં આવ્યાં હતા.

## મેઘરજ તાલુકાના કંભરોડા ગામે લકુલીશ યોગા આશ્રમનુ ભૂમિપુજન કરાયુ

મેઘરજ, તા. ૨

મેઘરજ તાલુકાના કંભરોડા ગામે સોમવારે લકુલીશ યોગાશ્રમનુ ભૂમિ પુજન કરવામાં આવ્યુ હતું, જેમાં શિવઅવતાર ભગવાન લકુલીશજીના શિવસંકલ્પ વિશ્વમાં સનાતન સંસ્કૃતિ પુનઃસ્થાપન કાર્યને વિશ્વવ્યાપી બનાવવાના કલ્યાણકારી ઉદ્દેશ્ય અંતર્ગત સિધ્ધક્ષેત્ર કાયાવરોહણથી પ્રિતમ મુનિજીના શિષ્ય પ્રભવાનંદજી વાનપ્રસ્થીની અધ્યક્ષતામાં ભુમિપુજનનો કાર્યક્રમ કંભરોડા ખાતે યોજાયો હતો, જેમાં મેઘરજના અગ્રણી જતીનભાઈ પંડ્યા, જગદીશભાઈ ચૌહાણ, મોડાસાના પુર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર તેમજ મેઘરજ, માલપુર, લુણાવાડા, વડોદરા, સુરત, અમદાવાદ, ભરૂચના અગ્રણીઓ અને વિસ્તારના યુવાનો, વડીલો, મહીલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષનો ૨૫મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં કમાલપુરના કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતાં ૨૦ ગોમામાથી કુલ-૬૪૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૧૮ વ્યક્તિઓને રાહત દરે શાળાના આચાર્ય તેમજ સ્ટાફગણ તેમજ સંસ્થાના પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી. સંસ્થાનો સ્ટાફ નેહાબેન



ગ્રામજનો સહિત આજુબાજુના ૨૦ ગામોના રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ દરમ્યાન ૨૫ જેટલા વિનામુલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવે છે જે અનુસાર ચાલુ સાલે એટલે કે વર્ષ ૨૦૧૯-૨૦નો છેલ્લો અને ૨૫ મો નેત્ર નિદાન સારવાર કેમ્પ પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં યોજાયો હતો જેમાં ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૧૧૨ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે પ્રાથમિક ભટ્ટ, અરવિંદસિંહ ચૌહાણ, સલીમભાઈ, નયનભાઈ તેમજ આંખના મદદનીશ દ્વારા નોધનીય કામગીરી કરવામાં આવી હતી. આ સિવાય આ સંસ્થા દ્વારા પ્રાંતિજ ખાતે બહેનોને પગભર બનાવવા ઉદ્દેશથી સિવણ તાલીમ, બ્યુટીપાર્લર તાલીમ, હેન્ડીક્રાફટની તાલીમ વગેરે ચાલે છે ઉપરાંત દર રવિવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી આંખને લગતી તપાસ રાહત દરે કરવામાં આવે છે.

# ભિલોડા શૈક્ષણિક યુવા વિચાર મંચ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મોટીવેશન માર્ગદર્શન સેમિનાર

ભિલોડા શૈક્ષણિક યુવા વિચાર મંચ ધ્વારા નવી વસવાટમાં શ્રી ભાથીજી મહારાજ મંદિર પરીસરમાં ક્ષત્રિય ઠાકોર સમાજના ધોરણ.૧૦ - ૧૨ ના વિદ્યાર્થીઓ વિકાસ કરવા માટે સૌ એકત્રીત થઈ સંગઠીત બનીને શિક્ષણ પર ભાર મુકી સમાજનું મુખ્ય લક્ષ સૌ ભણે, સૌ આગળ વધે તેવો હોવો જોઈએ તેમ સૌ કોઈએ એક જ સુર રેલાવ્યો સુધી સતત મંડ્યા રહોના સુત્રને સાર્થક કરવા ભાર પુર્વક અનુરોધ કર્યો હતો. સમાજમાં બાળકોને વારસામાં સંપત્તી નહી પરંતુ શિક્ષણનો અમુલ્ય વારસો આપવો





માટે પરીક્ષાલક્ષી મોટીવેશન માર્ગદર્શન સેમિનારનું વિશેષ આયોજન કરાયું હતું.શ્રી ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજના સામાજીક આગેવાનો, વડીલો, યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણના માધ્યમ ધ્વારા સમાજનો હતો. શિક્ષણ પ્રત્યેની જાગૃતિની તાતી જરૂરીયાત છે. આજે નહી જાગીએ તો ક્યારેય પણ આપણો સમાજ પ્રગતિ નહી કરી શકે તેમ જણાવ્યું હતું. પરમ પુજ્ય સ્વામી વિવાકાનંદજીના સુત્ર મુજબ જાગો, ઉઠો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં એ સૌ-કોઈની નૈતિક ફરજ સમજીને ભાવિ પેઢીને શિક્ષિત બનાવીએ તેમ જણાવ્યું હતું. ધોરણ.૧૦ - ૧૨ ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં એકાગ્ર ચિત્તે પરીક્ષા આપવા અનુરોધ કર્યો હતો.

# મલાસા લોકાયન વિદ્યાલય ધો.૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨

ભિલોડા તાલુકાના મલાસા ગામની લોકાયન વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધો.૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.સમારંભ અધ્યક્ષ નિવૃત્ત સચિવ નામદેવભાઈ વરસાતની અધ્યક્ષતામાં યોજાયો હતો.વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.સંચાલક મંડળ મંત્રી બાબુભાઈ પરમાર,શાંમળભાઈ ભાંભી,જયપાલસિંહ ચૌહાણ,પુનમભાઈ બોડાત,પુજાભાઈ પરમાર સહિત સ્ટાફ પરીવાર હાજર રહ્યો હતો.

# ગાય માતાના સંરક્ષણ માટે સરકાર કટિબદ્ધ છે : જાડેજા

અમદાવાદ,તા.૨

ગૌમાંસ અને ગૌવંશ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતા ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ગાય માતાના નામે મતોના ધ્રુવીકરણની રાજનીતિ બંધ કરે, ગાય માતાના રક્ષણ માટે અમારી સરકાર હરહંમેશ માટે કટીબધ્ધ છે. ગાય માતામાં ૩૬ કરોડ દેવી-દેવતાઓનો વાસ છે અને ગાય માતા અમારી આસ્થા અને શ્રધ્ધાનું પ્રતિક છે. એટલે જ અમારી સરકાર ગૌવંશ રક્ષણ બાબતે સહેજ પણ ઢીલાશ ચલાવી લેવા માંગતી નથી. જાડેજાએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આ સંવેદનશીલ સરકારે ગૌ-હત્યા સાથે સંકળાયેલા લોકો જ નહી પરંતુ તેની મદદગારી કરતા લોકોને પણ કડક સજા થાય તે માટે પશુ સંરક્ષણ અધિનિયમમાં ફેરફાર કરી કાયદો વધુ કડક બનાવ્યો છે. ગૌ હત્યા અટકાવવા અમારી સરકારે પશુ સંરક્ષણ અધિનિયમમાં ફેરફાર કરી કાયદો મજબૂત બનાવી આ કૃત્ય સાથે સંકળાયેલા લોકોને (૧) આજીવન કેદની સજા પરંતુ ૧૦ વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની સજા અને રૂપિયા એક લાખથી રૂપિયા પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. (૨) ગૌવંશની હત્યા માટે કે ગેરકાયદેસર હેરફેર માટે વપરાશમાં લેવાયેલ વાહનો રાજ્યસાત કરાશે (૩) ગૌવંશ હત્યાના તમામ ગુનાઓ બિન જામીનપાત્ર બનાવવામાં આવ્યા છે. (૪) ગૌવંશના પશુઓની હેરફેર માટે પરમીટ મેળવેલી હશે તેવા કિસ્સામાં પણ સાંજના ૭:૦૦ વાગ્યાથી સવારના ૫:૦૦ વાગ્યા સુધી પશુઓની હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આ ધરતી પર જેને ગાયમાતા ઉપર દયા આવતી નથી તેના પર આ સરકારને પણ હરગીઝ દયા નહી આવે. સરકારે કાયદામાં કરેલા સુધારા બાદ હવે અગાઉની સાપેક્ષામાં ગૌ-હત્યાની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.



## એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ લિમિટેડનો ઈસ્યુ આવતીકાલે ખુલશે

પ્રાઈઝ બેન્ડ રૂ. ૫ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ ૨૯૫ થી ૩૦૦ લઘુત્તમ બિડ ૫૦ ઈક્વિટી શેર માટે અને પછી ૫૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે

એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ લિમિટેડ (''કંપની'')એ ૪ માર્ચ, ૨૦૨૦ને બુધવારે ઈનિશિયલ પબ્લિક ઓફર (''આઈપીઓ'') લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. એમાં રૂ. ૫ ની ફેસ વેલ્યુ ધરાવતા રૂ. ૩૫૦ મિલિયન સુધીનાં ઈક્વિટી શેરનો ફ્રેસ ઈશ્યૂ અને ૫,૭૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. આઈપીઓમાં પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૯૫ થી રૂ. ૩૦૦ છે. ઓફર ફોર સેલમાં ૧,૩૯૦,૩૨૨ ઈક્વિટી શેર લીડ્સ (મોરેશિયસ) લિમિટેડનાં, ૨,૦૮૫,૫૦૨ ઈક્વિટી શેર ટોનબ્રિજ (મોરેશિયસ) લિમિટેડનાં, ૭૬૯,૯૧૭ ઈક્વિટી શેર કેમ્બ્રિજ (મોરેશિયસ) લિમિટેડનાં, અને ૧,૪૫૪,૨૫૯ ઈક્વિટી શેર ગિલ્ડફોર્ડ (મોરેશિયસ) લિમિટેડનાં છે.

બિડ/ઓફર ૬ માર્ચ, ૨૦૨૦ને શુક્રવારે બંધ થશે. બિડ લઘુત્તમ ૫૦ ઈક્વિટી શેરની અને પછી ૫૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

કંપનીએ આઈપીઓમાંથી પ્રાપ્ત થનારી ચોખ્ખી આવકનો ઉપયોગ આ રીતે કરવાની દરખાસ્ત રજૂ કરી છે : કંપનીનાં રૂ. ૩૦૦ મિલિયન સુધી બાકી નીકળતા ઋણનાં હિસ્સાની પુનઃ ચુકવણી/આગોતરી ચુકવણી કરવા એની પેટાકંપની એજી એન્વાયરો ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડમાં ઋણ ઉમેરીને કંપનીનાં કુલ ઋણમાં ઘટાડો કરવો, અને સાધારણ કોર્પોરેટ કામગીરી માટે.

ઉપરાંત કંપનીને અપેક્ષા છે કે, ઈક્વિટી શેરનાં લિસ્ટિંગનો લાભ વિઝિબિલિટી અને બ્રાન્ડ ઈમેજ વધારશે તથા શેરધારકોને લિક્વિડિટી પ્રદાન કરશે. ઈશ્યૂના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર (''બીઆરએલએમ'') ઈક્વિરસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ છે.


## ફાંસી ટળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ટ્રાયલ કોર્ટે તમામ ચાર અપરાધી મુકેશ કુમાર (૩૨), પવન ગુપ્તા (૨૫), વિનય શર્મા (૨૬) અને અક્ષય કુમાર (૩૧)ને ત્રીજી માર્ચના દિવસે ફાંસી આપવા માટેની તારીખ જારી કરી હતી. આજે દિલ્હી કોર્ટે ચારેય અપરાધીઓની ફાંસી પર સ્ટે મુકી દીધો હતો અને મામલાને વધુ આદેશ સુધી ટાળી દીધો હતો. ટ્રાયલ કોર્ટે અગાઉ પવન અને અક્ષયને સ્ટે માટેની અરજીને ફગાવી દીધી હતી. જોકે, પવનના વકીલ એપી સિંહે કહ્યું હતું કે, પવન દ્વારા દયાની અરજી કરવામાં આવી છે. લંચ પછી સુનાવણી વેળા કોર્ટે એપી સિંહની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આગ સાથે રમવાનુ કામ કરવામાં આવી રહ્યું છે. સાવધાની રાખવી જોઈએ. અગાઉ સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગ રેપ અને હત્યા કેસના મામલામાં ચોથા અપરાધી પવનની ક્યુરેટિવ અરજીને આજે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. પવને પોતાની અરજીમાં દલીલ કરી હતી કે જ્યારે રેપ કેસ થયો ત્યારે તે કિશોર વયમાં હતો.

## ગુડ્ઝ ટ્રેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમય સુધી રેલવે ફાટક બંધ રહે છે. આ કારણે વિદ્યાર્થીઓ રેલ્વે ફાટકમાં તથા તેના કારણે થતા ટ્રાફિક જામમાં ફસાઈ જાય છે અને પરીક્ષા ખંડમાં મોડો પહોંચે છે. સમયસર પહોંચવાની ચિંતા કરતા વિદ્યાર્થીઓ ફાટકમાં અટવાતા નિરાશ થાય છે. જેની તેમના પરફોર્મન્સ પર અસર પડે છે આથી જે વિદ્યાર્થીઓને ફાટક ક્રોસ કરવું પડે છે તેમના વાલીઓ દ્વારા બોર્ડ પરીક્ષા સુધી માનવતાના ધોરણે ગુડઝ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. આ પ્રકારની પરેશાની વાવોલ, ગોકુળપુરા, સેકટર-૨૬ સહિતના અનેક વિદ્યાર્થીઓને પણ ઓછે વત્તે અંશે ભોગવવી પડી રહી છે.

## સંસદમાં હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. આ પહેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પત્રકાર પરિષદ યોજીને અમિત શાહના રાજીનામાની માંગ કરી હતી. ત્યારબાદ ભાજપના નેતાઓએ કોંગ્રેસ ઉપર વળતા આક્ષેપ કર્યા હતા. સંસદમાં પણ જોરદાર હુમલાઓનો દોર ચાલ્યો હતો. કોંગ્રેસ તરફથી સંસદમાં જોરદાર ધાંધલ ધમાલ થઈ હતી. જેથી કાર્યવાહી ખોળવાઈ ગઈ હતી. લોકસભાની કાર્યવાહીને અધ્યક્ષ ઓમ બિરલાએ મોકુફ કરી હતી. વડાપ્રધાનના જવાબની માંગ કરવામાં આવી હતી. અમિત શાહના રાજીનામાની માંગ પણ જોરદાર રીતે ઉઠી હતી.

જોરદાર નારેબાજી કરવામાં આવી હતી. કેટલાક સાંસદો વિરોધના બેનરો લઈને ગૃહની વચોવચ પહોંચી ગયા હતા. આજે અમિત શાહ નિવેદન કરવાનાના હતા છતાં આક્ષેપોનો દોર જારી રહ્યો હતો. લોકસભામાં વિપક્ષના હોબાળા દરમિયાન કોંગ્રેસ અને ભાજપના સભ્યો વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. કોંગ્રેસના સભ્યોના હાથમાં પોસ્ટરો દેખાયા હતા. જેના પર ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. તૃળમુલ કોંગ્રેસના સભ્યઓએ પોતાના સ્થાનથી નાળેબાજી કરી હતી. ભાજપના સભ્ય સંજય જયસવાલ ચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા ત્યારે કોંગ્રેસ તરફથી સભ્યોએ અમિત શાહના રાજીનામાની માંગ કરી હતી.

## સુપડા સાફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપી હતી. ભારતીય ટીમ માત્ર ૧૨૪ રનમાં ઓલઆઉટ થઈ જતા તમામ ભારતીય ક્રિકેટ ચાહકો નિરાશ થયા હતા. જીતવા માટેના ૧૩૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડે ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. ન્યુઝીલેન્ડ તરફથી લાથમે ૫૨ અને બ્લન્ડેલે ૫૫ રન કર્યા હતા. ભારતીય ટીમ શ્રેણીમાં બંને ટેસ્ટમાં ટોસ હારી ગઈ હતી. જેથીસ મેચ પણ ગુમાવી દીધી છે. ટોસ ગુમાવી દીધા બાદ આ ટેસ્ટમાં ન્યુઝીલેન્ડના કેપ્ટન વિલિયમસને ભારતીય ટીમને પહેલા બેટિંગ કરવા માટે આમંત્રણ આપ્યુ હતુ. મેચ બાદ કોહલી ભારે નારાજ દેખાયો હતો. ગઈકાલે બીજા દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે તેના બીજા દાવમાં છ વિકેટે ૯૦ રન કર્યા હતા. ગઈકાલના સ્કોરથી આગળ રમતા ટીમ ઈન્ડિયાએ જોરદાર બેટિંગ કરવામાં સફળતા મેળવી ન હતી. ભારતીય ટીમ તરફથી આજે કોહલી ફરી એકવાર ફ્લોપ રહ્યો હતો. કેપ્ટન કોહલી માત્ર ૧૪ રન કરીને આઉટ થયો હતો. પ્રથમ દિવસે ભારતીય ટીમનો જોરદાર ધબડકો થયો હતો. બીજા દિવસે પણ ભારતીય ટીમ ફલોપ રહી હતી. આજે ત્રીજા દિવસે માત્ર ૧૨૪ રનમાં ટીમ ઈન્ડિયા આઉટ થઈ ગઈ હતી. આ ટેસ્ટમાં બોલરો મુખ્ય રીતે છવાયેલા રહ્યા હતા. વિશ્વમાં સૌથી શક્તિશાળી બેટીંગ લાઈન ધરાવતી ભારતીય ટીમ પ્રથમ દિવસે માત્ર ૨૪૨ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જ્યારે બીજા દાવમાં ભારતીય ટીમ માત્ર ૧૨૪ રન કરીને આઉટ થઈ હતી. ન્યૂઝિલેન્ડને છેલ્લી ટેસ્ટ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાએ ૩-૦થી હાર આપી હતી. પહેલા ટ્વેન્ટી શ્રેણી ભારતે ક્લિનસ્વીપ કરીને જીતી હતી. ત્યારબાદ ન્યૂઝીલેન્ડે ઘરઆંગણે વન ડે શ્રેણી ક્લિનસ્વીપ કરીને જીતી હતી. ભારતે ટ્વેન્ટી શ્રેણી ૫-૦થી જીતી હતી. જ્યારે ન્યૂઝિલેન્ડે વન ડે શ્રેણી ૩-૦થી જીતી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વેલિંગ્ટનમા રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતની કારમી હાર થતા કરોડો ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે પ્રથમ સત્રમાં જ ભારતીય ટીમ ૧૦ વિકેટે હારી ગઈ હતી. ભારતને ટેસ્ટ મેચમાં છેલ્લી હાર વર્ષ ૨૦૧૮-૧૯માં ઓસ્ટ્રેલિયાની સામે પર્થમાં મળી હતી. ભારતીય ટીમની હાર થતા લાખો ચાહકો નિરાશ થયા હતા.

## કોરોના વાયરસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, હાલમાં ભારતમાં ત્રણ પોઝિટિવ મામલા સપાટી પર આવ્યા હતા. કેરળમાં દાખલ થયા હતા. ત્રણેય સ્વસ્થ થઈને ઘરે પરત જઈ ચુક્યા છે. આ ઉપરાંત આજે બે નવા કેસ સપાટી પર આવ્યા છે. હર્ષવર્ધને કહ્યું હતું કે, ચીનથી બહાર સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં દક્ષિણ કોરિયા, ઈટાલી, ઈરાન, જાપાનનો સમાવેશ થાય છે. હવે ૧૨ દેશોથી આવનાર યાત્રીઓની ચકાસણી થઈ રહી છે. ચીન, હોંગકોંગ, સિંગાપુર, થાઈલેન્ડ, જાપાન, દક્ષિણ કોરિયાથી આવી રહેલા લોકોની ચકાસણી કરવામાં આવી રહી છે. વિયતનામ, મલેશિયા, નેપાળ, ઈરાન અને ઈટાલીથી આવનાર લોકોની ચકસણી થઈ રહી છે. હર્ષવર્ધને કહ્યું હતું કે, ૨૧ મોટા અરપોર્ટ પર ચકાસણી થઈ રહી છે. ૧૨ મોટા અને ૬૫ નાના બદર ઉપર પણ ચકાસણી થઈ રહી છે.